આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જો ઇશ્વર આપણે જીવનભર કોઇ જ દુઃખ ન આપે તો મનુષ્ય તરીકેની આપણી સહનશક્તિનું એ મોટું અપમાન છે
- ફાધર વાલેસ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૧ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૪, બુધવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના ૩૬ હજાર યુવાનો તલાટીની પરીક્ષા આપશે

## ૧૦૨ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે, તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ; પાંચ વિજીલન્સ ટીમો રચાઈ, સુપરવાઈઝરો સહિતની નિમણુંકો થઈ



(તસવીર : દિપક જાની)

વેલેન્ટાઈન ડેનું કાઉન્ટ-ડાઉન - વેલેન્ટાઈન ડેના આગમનના પગલે ગીફ્ટ શૉપમાં પ્રેમની અભિવ્યક્તિના કાર્ડ ખરીદવા યુવા હૈયાઓ આજે આખો દિવસ ઉમટ્યા હતા. તમામ ધર્મના શાસ્ત્રોએ પ્રેમની અલૌકિક શક્તિનો સ્વીકાર કર્યો છે. પરંતુ વ્યાખ્યાઓ જુદી જુદી રીતે થઈ છે... શુક્રવારે ઉજવાનાર વેલેન્ટાઈન ડેએ યુવાનો કાર્ડ, ગીફ્ટ કે ચોકલેટ ગુલાબ આપીને પ્રેમની અભિવ્યક્તિ કરી પરસ્પર પ્રેમનો એકરાર કરે છે.

ગાંધીનગર, તા.૧૧

રાજયના મહેસુલી તલાટીઓની ભરતી અંગે આગામી ૧૬મીએ યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષા જિલ્લામાં ૧૦૨ કેન્દ્રો પર લેવામાં આવશે.

મહેસુલી તલાટીની આ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પ્રવેશપત્રો તંત્ર દ્વારા મોકલવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ૩૬,૫૭૦ પરીક્ષાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત થનાર છે.

આ પરીક્ષા માટે ગાંધીનગર, કલોલ, માણસા, દહેગામ, ચાંદખેડા, મોટેરા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. આ પરીક્ષાનું સફળ સંચાલન પારદર્શક અને નિષ્પક્ષ રીતે થાય તે માટે જિલ્લા કલેકટરશ્રીએ વિવિધ અધિકારીઓની ખાસ ટીમો બનાવી આની તૈયારીઓ કરી છે જે તેના અંતિમ તબક્કામાં છે.

બપોરે ૧૨ વાગે શરૂ થનાર આ પરીક્ષા માટે ૧૦૨ કન્દ્રો નિયત કરાયા છે. આ પરીક્ષાના પ્રશ્નપત્રો સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચે તે માટે ૩૦થી વધુ રૂટ નિયત કરવામાં આવી રહ્યા છે. આ માટે ડીસ્ટ્રીકટ કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે શરૂ કરાશે.

આ પરીક્ષામાં દરેક બ્લોકમાં ૩૦ પરીક્ષાર્થીને જ બેસાડવામાં આવશે. આ માટે બ્લોક સુપરવાઈઝર તેમજ મદદનીશ સુપરવાઈઝરોની નિમણુંક કરી દેવામાં આવી છે.

આ પરીક્ષા માટે ખાસ વિજીલન્સ ટીમોની પણ કલેકટર દ્વારા રચના કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા માટે ખાસ સેન્ટ્રલ ઓબ્ઝર્વર ની પણ નિમણુંક કરવામાં આવી છે. વિજીલન્સ ટીમમાં જિલ્લાના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ માટે ખાસ કંટ્રોલ રૂમ અને સ્ટ્રોંગ રૂમ પણ તંત્ર દ્વારા ઉભો કરવામાં આવ્યો છે. આગામી સપ્તાહ એ જિલ્લાનું તંત્ર પરીક્ષામય બની રહેશે. મહેસુલી તલાટી ઉપરાંત પંચાયત સેવા પસંદગી મંડળની પણ વિવિધ સપર્ધાત્મક પરીક્ષાઓ યોજાવાની હોઈ તંત્ર તેના સંચાલન માટે ઓતપ્રોત બની ગયું છે.













શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યુપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

# છેલ્લા 10 વર્ષમાં ખેડૂતોના ન્યૂનતમ ટેકાના ભાવ બમણાંથી વધુ થયા

- ડાંગરના ન્યૂનતમ ટેકાના ભાવ ₹550 થી વધીને ₹1310, ઘઉંના ₹630 થી વધીને ₹1400 અને બરછટ અનાજના ₹505 થી વધીને ₹1310 થયા
- ખેડૂતોને 11 કરોડથી વધુ કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા
- ખેતી માટે ધીરાણનો વાર્ષિક લક્ષ્યાંક ₹1 લાખ કરોડથી વધારીને ₹7 લાખ કરોડ કરવામાં આવ્યો

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે